અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૨૯૦૩-૪૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૦૯/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો તા.૧૨/૧૦/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૩/૩૭૯૯-૩૮૦૫

(૨) અત્રેની કચેરીની તા.૦૧/૦૩/૨૦૨૪ ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં રાજ્ય સરકારશ્રીની મંજૂરી મેળવીને ફેરફાર કરવામાં આવેલ છે. જે અંગેની વિગતો અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી જાણ તથા અમલ સારું મોકલી આપવામાં આવેલ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે ધોરણ-૯ થી ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ ની હાલની પરીક્ષા પદ્ધતિમાં નીચે દર્શાવ્યા મુજબ ફેરફાર કરી સરળીકરણ કરવા અંગે થયેલ દરખાસ્ત ઉપર સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

હાલની જોગવાઈ				સુધારેલ જોગવાઈ			
ધોરણ	હેતુલક્ષી પ્રશ્નો	વર્ણનાત્મક પ્રશ્નો	વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર	ધોરણ	હેતુલક્ષી પ્રશ્નો	વર્ણનાત્મક પ્રશ્નો	વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર
૯ અને ૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમા	૨૦%	૮૦%	આંતરિક વિકલ્પ	૯ અને ૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમા	૩૦%	૭૦%	તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ

ઉપરોક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ધોરણ-૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમાની સુધારેલ પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી અમલમાં આવશે. તે માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ અન્વયે Competency Based Assessment (ક્ષમતા આધારિત મુલ્યાંકન) મુજબ તજજ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ નીચેના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો આ સાથે મોકલી આપવામાં આવે છે. જે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

ક્રમ	ધોરણ-૯	ધોરણ-૧૧
૧	ગણિત	ગુજરાતી (પ્રથમ ભાષા)
૨	વિજ્ઞાન	ગુજરાતી (દ્વિતીય ભાષા)
3	સામાજિક વિજ્ઞાન	અંગ્રેજી (પ્રથમ ભાષા)
૪	ગુજરાતી (પ્રથમ ભાષા)	અંગ્રેજી (દ્વિતીય ભાષા)
૫	ગુજરાતી (દ્વિતીય ભાષા)	હિન્દી (પ્રથમ ભાષા)
૬	અંગ્રેજી (પ્રથમ ભાષા)	હિન્દી (દ્વિતીય ભાષા)
૭	અંગ્રેજી (દ્વિતીય ભાષા)	સંસ્કૃત
૮	હિન્દી (પ્રથમ ભાષા)	અર્થશાસ્ત્ર
૯	હિન્દી (દ્વિતીય ભાષા)	આંકડાશાસ્ત્ર
૧૦	સંસ્કૃત	વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન
૧૧	-	નામાના મૂળતત્વો
૧૨	-	SPCC
૧૩	-	મનોવિજ્ઞાન
૧૪	-	તત્વજ્ઞાન
૧૫	-	સમાજશાસ્ત્ર
૧૬	-	ઇતિહાસ
૧૭	-	ભૂગોળ
૧૮	-	રાજ્યશાસ્ત્ર
૧૯	-	ગણિત
૨૦	-	રસાયણ વિજ્ઞાન
૨૧	-	ભૌતિક વિજ્ઞાન
૨૨	-	જીવવિજ્ઞાન

ઉપરોક્ત વિષયો સિવાયના ધોરણ-૯ અને ધોરણ-૧૧ના બાકી રહેતા વિષયો, ઉત્તર બુનિયાદી શાળાઓના વિષયો, વોકેશનલ શિક્ષણના વિષયો તેમજ સંસ્કૃત પાઠશાળાના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ હવે પછી તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જે વિદીત થાય.

(બી.એમ.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના :-

૧) માન. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

૨) માન. અંગત સચિવશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

3) માન. અગ્ર સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, સચિવાલય, ગાંધીનગર.

૪) માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૫) માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

૧) નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

૨) નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર., વિ.પ્ર., એસ.એસ.સી.) જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય - ગણિત

પ્રથમ પરીક્ષા

પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન(K)	સમજ(U)	ઉપયોજન(A)	ઉચ્ચ વૈચારિક કૌશલ્ય		કુલ
				સંયોજન/વિશ્લેષણ	અનુમાન/મૂલ્યાંકન	
કુલ ગુણ	16	16	13	03	02	50
ટકા %	32%	32%	26%	06%	04%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	15	15	15
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-I)	06	09	12
3.	ટૂંકજવાબી પ્રશ્નો (SA–II)	05	08	15
4.	વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	02	03	08
	કુલ	**28**	**35**	**50**

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણ દીઠ ગુણભાર
1.	સંખ્યા પદ્ધતિ	10
2.	બહુપદીઓ	12
3.	યામ ભૂમિતિ	05
4.	દ્વિચલ સુરેખ સમીકરણો	07
5.	યુક્લિડની ભૂમિતિનો પરિચય	04
6.	રેખાઓ અને ખૂણાઓ	12
	કુલ ગુણ	**50**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25
ધોરણ-9
વિષય - ગણિત
પ્રથમ પરીક્ષા
પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
	SECTION - A	
1 થી 15	• હેતુલક્ષી પ્રશ્નો • સૂચના મુજબ જવાબ આપો : (દરેક સાચા ઉત્તરનો 1 ગુણ) – નીચે આપેલા બહુવિકલ્પવાળા પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રશ્નક્રમાંક 1 થી 4) – નીચે આપેલા વિધાનો સાચાં બને તેમ કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (પ્રશ્નક્રમાંક 5 થી 8) – નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (પ્રશ્નક્રમાંક 9 થી 11) – નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં કે શબ્દમાં કે અંકમાં જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 12 થી 13) – નીચે આપેલા જોડકાં સાચાં બને તે રીતે યોગ્ય જોડકાં જોડો. (પ્રશ્નક્રમાંક 14 થી 15)	[15]
	SECTION - B	
16 થી 24	• ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) – નીચે આપેલા 9 (નવ) પ્રશ્નોમાંથી કોઈપણ 6(છ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 02 ગુણ)	[12]
	SECTION - C	
25 થી 32	• ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) – નીચે આપેલા 8 (આઠ) પ્રશ્નોમાંથી કોઈપણ 5 (પાંચ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 03 ગુણ)	[15]
	SECTION - D	
33 થી 35	• વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) – નીચે આપેલા 3(ત્રણ) પ્રશ્નોમાંથી કોઈપણ 2(બે) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 04 ગુણ)	[08]
	કુલ ગુણ	50

નોંધ : (1) પ્રથમ પરીક્ષા માટે જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય - ગણિત

દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 50**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન(K)	સમજ(U)	ઉપયોજન(A)	ઉચ્ચ વૈચારિક કૌશલ્ય		કુલ
				સંયોજન/વિશ્લેષણ	અનુમાન/મૂલ્યાંકન	
ગુણ	16	16	13	03	02	50
ટકા(%)	32%	32%	26%	06%	04%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	15	15	15
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-I)	06	09	12
3.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-II)	05	08	15
4.	વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	02	03	08
	કુલ	**28**	**35**	**50**

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણ દીઠ ગુણભાર
1.	સંખ્યા પદ્ધતિ	03
2.	બહુપદીઓ	03
3.	યામ ભૂમિતિ	02
4.	દ્વિચલ સુરેખ સમીકરણો	02
5.	યુક્લિડની ભૂમિતિનો પરિચય	02
6.	રેખાઓ અને ખૂણાઓ	03
7.	ત્રિકોણ	10
8.	ચતુષ્કોણ	09
9.	વર્તુળ	10
10.	હેરોનનું સૂત્ર	06
	કુલ ગુણ	**50**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય - ગણિત

દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 50**

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
	SECTION - A	
1 થી 15	● હેતુલક્ષી પ્રશ્નો ● સૂચના મુજબ જવાબ આપો : (દરેક સાચા ઉત્તરનો 1 ગુણ) – નીચે આપેલા બહુવિકલ્પવાળા પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રશ્નક્રમાંક 1 થી 4) – નીચે આપેલા વિધાનો સાચાં બને તેમ કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (પ્રશ્નક્રમાંક 5 થી 8) – નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (પ્રશ્નક્રમાંક 9 થી 11) – નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં કે શબ્દમાં કે અંકમાં જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 12 થી 13) – નીચે આપેલા જોડકાં સાચાં બને તે રીતે યોગ્ય જોડકાં જોડો. (પ્રશ્નક્રમાંક 14 થી 15)	[15]
	SECTION - B	
16 થી 24	● ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) – નીચે આપેલા 9(નવ) પ્રશ્નોમાંથી કોઈપણ 6(છ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 2 ગુણ)	[12]
	SECTION - C	
25 થી 32	● ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) – નીચે આપેલા 8(આઠ) પ્રશ્નોમાંથી કોઈપણ 5(પાંચ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 3 ગુણ)	[15]
	SECTION - D	
33 થી 35	● વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) – નીચે આપેલા 3(ત્રણ) પ્રશ્નોમાંથી કોઈપણ 2(બે) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 4 ગુણ)	[08]
	કુલ ગુણ	**50**

નોંધ : (1) દ્વિતીય પરીક્ષા માટે જૂન થી ડિસેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂન થી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30 ટકા અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર માસ સુધીના અભ્યાસક્રમમાંથી 70 ટકા અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય - ગણિત

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 80**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

હેતુઓ	જ્ઞાન(K)	સમજ(U)	ઉપયોજન(A)	ઉચ્ચ વૈચારિક કૌશલ્ય		કુલ
				સંયોજન/વિશ્લેષણ	અનુમાન/મૂલ્યાંકન	
ગુણ	27	25	20	04	04	80
ટકા(%)	34%	31%	25%	05%	05%	100%

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

ક્રમાંક	પ્રશ્નનો પ્રકાર	પ્રશ્નોની સંખ્યા		કુલ ગુણ
		વિકલ્પ વિના	વિકલ્પ સાથે	
1.	હેતુલક્ષી પ્રશ્નો (O)	24	24	24
2.	ટૂંકજવાબી પ્રશ્નો (SA-I)	09	13	18
3.	ટૂંકજવાબી પ્રશ્નો (SA–II)	06	09	18
4.	વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA)	05	08	20
	કુલ	**44**	**54**	**80**

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

ક્રમ	પ્રકરણનું નામ	પ્રકરણદીઠ ગુણભાર	
		જનરલ વિકલ્પ વિના	જનરલ વિકલ્પ સાથે
1.	સંખ્યા પદ્ધતિ	08	10
2.	બહુપદીઓ	08	10
3.	યામ ભૂમિતિ	04	04
4.	દ્વિચલ સુરેખ સમીકરણો	04	04
5.	યુક્લિડની ભૂમિતિનો પરિચય	02	02
6.	રેખાઓ અને ખૂણાઓ	08	13
7.	ત્રિકોણ	07	11
8.	ચતુષ્કોણ	07	07
9.	વર્તુળ	09	13
10.	હેરોનનું સૂત્ર	05	08
11.	પૃષ્ઠફળ અને ઘનફળ	10	15
12.	આંકડાશાસ્ત્ર	08	12
	કુલ ગુણ	**80**	**109**

નોંધ : ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય - ગણિત

વાર્ષિક પરીક્ષા

પ્રશ્નપત્રનું માળખું

સમય : 3 કલાક | કુલ ગુણ : 80

પ્રશ્ન ક્રમ	વિભાગ તથા પ્રશ્નની વિગત	ગુણ
	SECTION - A	
1 થી 24	● હેતુલક્ષી પ્રશ્નો ● સૂચના મુજબ જવાબ આપો : (દરેક સાચા ઉત્તરનો 1 ગુણ) – નીચે આપેલા બહુવિકલ્પવાળા પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રશ્નક્રમાંક 1 થી 6) – નીચે આપેલા વિધાનો સાચાં બને તેમ કૌંસમાં આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (પ્રશ્નક્રમાંક 7 થી 12) – નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (પ્રશ્નક્રમાંક 13 થી 16) – નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં કે શબ્દમાં કે અંકમાં જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 17 થી 20) – નીચે આપેલા જોડકાં સાચાં બને તે રીતે યોગ્ય જોડકાં જોડો. (પ્રશ્નક્રમાંક 21 થી 24)	[24]
	SECTION - B	
25 થી 37	● ટૂંક જવાબી પ્રશ્નો (SA-I) – નીચે આપેલા 13(તેર) પ્રશ્નોમાંથી કોઈપણ 9(નવ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 2 ગુણ)	[18]
	SECTION - C	
38 થી 46	● ટૂંક જવાબી પ્રશ્નો (SA-II) – નીચે આપેલા 9(નવ) પ્રશ્નોમાંથી કોઈપણ 6(છ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 3 ગુણ)	[18]
	SECTION - D	
47 થી 54	● વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) નીચે આપેલા 8 (આઠ) પ્રશ્નોમાંથી કોઈપણ 5(પાંચ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (દરેકના 4 ગુણ)	[20]
	કુલ ગુણ	80

નોંધ : દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/નકશો/આલેખ આધારિત પ્રશ્નો હોય ત્યાં વિકલ્પ તરીકે અન્ય પ્રશ્ન મૂકવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય - ગણિત

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **નમૂનાનું પ્રશ્નપત્ર** કુલ ગુણ : 80

સૂચનાઓ :

નોંધ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ 54 પ્રશ્નો વિભાગ A,B,C અને Dમાં વહેંચાયેલા છે.

(2) પ્રશ્નોમાં જનરલ વિકલ્પો આપેલા છે.

(3) વિભાગની સૂચના સાથે જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.

(4) જરૂર જણાય ત્યાં આકૃતિ દોરવી.

(5) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન કરવું.

(6) કેલ્ક્યુલેટર, સ્માર્ટ વૉચનો ઉપયોગ કરવો નહીં.

(7) નવો વિભાગ નવા પાને લખવો.

વિભાગ - A

- **સૂચના મુજબ જવાબ આપો : (પ્રશ્નક્રમાંક 1 થી 24) (દરેક સાચા ઉત્તરનો 1 ગુણ)** **[24]**
- **નીચે આપેલા બહુવિકલ્પવાળા પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (પ્રશ્નક્રમાંક 1 થી 6)**

(1) 10 અને 11 વચ્ચેની સંમેય સંખ્યા _______ છે.

(A) $\frac{21}{8}$ (B) $\frac{87}{8}$

(C) $\frac{97}{8}$ (D) $\frac{47}{8}$

(2) બહુપદી $5x^3 + 4x^2 + 7x$ની ઘાત _______ છે.

(A) 5 (B) 4

(C) 3 (D) 2

(3) ઊગમબિંદુ 0ને સંગત કઈ સંખ્યા સંકળાયેલી હોય છે ?

(A) 0 (B) 1

(C) 10 (D) 100

(4) નીચેનામાંથી કયું બિંદુ સમીકરણ $x - 2y = 4$ નો ઉકેલ છે ?

(A) (0, 2) (B) (2, 0)

(C) (4, 0) (D) (1, 1)

(5) $\angle A$ અને $\angle B$ રૈખિક જોડના ખૂણા છે. $\angle A = 140$ તો $\angle B$ ના કોટિકોણનું માપ ________ છે.

(A) 40 (B) 50

(C) 140 (D) 100

(6) લીંબુના બે ટુકડા કરતાં મળતા પ્રત્યેક લીંબુના ટુકડાની કુલ સપાટીનું ક્ષેત્રફળ ________ છે.

(A) πr^2 (B) $2\pi r^2$

(C) $3\pi r^2$ (D) $4\pi r^2$

- **નીચે આપેલા વિધાનો સાચાં બને તેમ કૌંસમાં આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 7 થી 12)**

(7) 

આપેલ આકૃતિમાં OEની લંબાઈ ________ છે. ($\sqrt{3}$, $\sqrt{2}$, $\sqrt{5}$)

(8) બિંદુ (7, –5)નું x–અક્ષથી અને y-અક્ષથી લંબઅંતરનો સરવાળો ________ થાય. (7, 5, 12)

(9) દ્વિચલ સુરેખ સમીકરણ $x + 2y = 6$ માટે $a + b =$ ________. (2, 3, 5)

(10) 

રેખા l એ રેખાઓ m અને n ને અનુક્રમે બિંદુઓ P અને અને Qમાં છેદે છે. ઉપરની આકૃતિ પરથી અનુકોણની જોડ ________ છે.

($\angle 1$ અને $\angle 5$, $\angle 4$ અને $\angle 6$, $\angle 3$ અને $\angle 6$)

(11) ΔABC માટે a = 40 મી, b = 24 મી, c = 32 મી છે તો ΔABC માટે s = ________ મીટર થાય. [96, 48, 24]

(12) આવૃત્તિ બહુકોણમાં X-અક્ષ પર ________ દર્શાવવામાં આવે છે. [આવૃત્તિ, મધ્યકિંમત, અધઃસીમા]

- **નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (પ્રશ્નક્રમાંક 13 થી 16)**

(13) દરેક અસંમેય સંખ્યા એ વાસ્તવિક સંખ્યા છે.

(14) $p(x) = (3x^2 + 5)^4$ નો ઘાત 2 છે.

(15) ઘન પદાર્થને ત્રણ પરિમાણ હોય છે.

(16) જો $\Delta ABC \cong \Delta PQR$ હોય, તો $PR = AB$ થાય.

- **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં કે શબ્દમાં કે અંકમાં જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 17 થી 20)**

(17) ગણિતશાસ્ત્રી થેલ્સના ખ્યાતનામ વિદ્યાર્થીનું નામ જણાવો.

(18) રેખાઓ l અને m સમાંતર છે. રેખા n એ $l||m$ ની છેદિકા છે. છેદિકા દ્વારા અંતઃ યુગ્મકોણની કેટલી જોડ બને ?

(19) ત્રિકોણનું ક્ષેત્રફળ શોધવાનું હેરોનનું સૂત્ર જણાવો.

(20) 1 – 3ના વર્ગની મધ્યકિંમત કેટલી ?

- **નીચે આપેલા જોડકાં સાચા બને તે રીતે યોગ્ય જોડકાં જોડો. (પ્રશ્નક્રમાંક 21 થી 24)**

	વિભાગ A	વિભાગ B
(21)	બહુપદી $5x^3 + 4x^2 + 7x$ નો ઘાત	(a) 0
(22)	બહુપદી $4 - y^2$ માં xનો સહગુણક	(b) 2
		(c) 3

	વિભાગ A	વિભાગ B
(23)	શંકુનું ઘનફળ	(a) $\frac{4}{3}\pi r^3$
(24)	અર્ધગોળાનું ઘનફળ	(b) $\frac{1}{3}\pi r^2 h$
		(c) $\frac{2}{3}\pi r^3$

વિભાગ - B

- **નીચે આપેલા 13(તેર) પ્રશ્નોમાંથી કોઈપણ 9(નવ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો. (પ્રશ્નક્રમાંક 25 થી 37) (દરેકના 02 ગુણ)** **[18]**

(25) કિંમત શોધો : (i) $(125)^{-\frac{2}{3}}$ (ii) $\frac{11^{\frac{1}{2}}}{11^{\frac{1}{4}}}$

(26) $\frac{1}{\sqrt{7}-2}$નાં છેદનું સંમેયીકરણ કરો.

(27) ચકાસો : 2 અને 0 એ બહુપદી $x^2 - 2x$નાં શૂન્યો છે.

(28)



એક જંગલ સુરક્ષા અધિકારીએ રીંછના વિસ્તારને ગ્રાફમાં રજૂ કરેલ છે. ઊગમબિંદુ અધિકારીના કંટ્રોલરૂમનું સ્થાન દર્શાવે છે. x અને y રોડ દર્શાવેલ છે. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) કયું રીંછ રોડ-xની સૌથી વધુ નજીક છે ?

(2) કયું રીંછ રોડ-yથી સૌથી વધુ દૂર છે ?

(29) નીચેનામાંથી કયા બિંદુઓ સમીકરણ $x - 2y = 4$નાં ઉકેલ છે અને કયા બિંદુઓ ઉકેલ નથી તે ચકાસોઃ

(i) (0, 2) (ii) (1, 1)

(30) વ્યાખ્યા લખો :

(i) ખૂણાઓની રૈખિક જોડ

(ii) અભિકોણો

(31) રેખાઓ PQ અને RS એકબીજાને બિંદુ Oમાં છેદે છે. જો $\angle PQR : POQ = 5 : 7$ હોય, તો તમામ ખૂણાના માપ શોધો.

(32) ΔABCમાં $\angle A = \angle C$ છે. જો $BC = 3$ અને ΔABCની પરિમિતિ 10 હોય તો ACનું માપ શોધો.

(33) એક વર્તુળની જીવા અને તેની ત્રિજ્યા સમાન છે. આ જીવાએ લઘુચાપ પરના બિંદુ આગળ આંતરેલા ખૂણાનું માપ શોધો.

(34) એક લંબવૃત્તિય નળાકારમાં બંધ બેસે તે રીતે r ત્રિજ્યાવાળો એક ગોળો મૂકેલ છે, તો



(i) ગોળાની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

(ii) નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

(35) નીચેના પ્રશ્નોના જવાબ લખો.

(i) આઈસ્ક્રીમના કોનમાં વપરાયેલ કુલ કાગળનું ક્ષેત્રફળ શોધવાનું ક્ષેત્રફળ લખો.

(ii) ફૂટબોલમાં સમાયેલ હવાનું ઘનફળ શોધવાનું સૂત્ર લખો.

(36) 

બાજુમાં આઈસ્ક્રીમ કોનનું ચિત્ર આપેલ છે. તેની ત્રિજ્યા 4 સેમી, ઊંચાઈ 15 સેમી છે. દુકાનદાર કોનનો $1/4$ ભાગ ખાલી રાખે છે. તો કોનના ખાલી ભાગનું ઘનફળ πના ગુણાંકમાં શોધો.

(37) નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(i) 90 – 100 વર્ગની અધઃસીમા અને ઉર્ધ્વસીમા જણાવો.

(ii) સ્તંભાલેખમાં X-અક્ષ પર આવૃત્તિ વિતરણ કોષ્ટકમાંથી શું દર્શાવવામાં આવે છે ?

વિભાગ - C

- **નીચે આપેલા 9(નવ) પ્રશ્નોમાંથી કોઈપણ 6(છ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો.** **[18]**
  (પ્રશ્નક્રમાંક 38 થી 46) (દરેકના 3 ગુણ)

(38) $1.272727...... = 1.\overline{27}$ ને p પૂર્ણાંક હોય, q શૂન્યેતર પૂર્ણાંક હોય તેવા p, q માટે $\frac{p}{q}$ સ્વરૂપમાં દર્શાવો.

(39) સાબિત કરો કે, "પરસ્પર છેદતી બે રેખાથી બનતા અભિકોણો સમાન હોય છે."

(40) આકૃતિમાં દર્શાવ્યા મુજબ જો AB ॥ CD, CD ॥ EF અને y : z = 3 : 7 છે તો xનું મૂલ્ય શોધો.



(41) સમાંતરબાજુ ચતુષ્કોણનો કોઈપણ વિકર્ણ તેનું બે એકરૂપ ત્રિકોણોમાં વિભાજન કરે છે તેમ સાબિત કરો.

(42) આરતી, બોબી, ચાર્મી, દર્શન એક રમત રમી રહ્યા છે. તેઓ વર્તુળાકાર પથ પર ક્રમિક અલગ-અલગ સ્થાન પર ઊભા છે. આરતી અને ચાર્મી એક દોરી પકડીને ઊભા છે. દર્શન અને બોબી બીજી એક દોરી પકડીને ઊભા છે બંને દોરી એકબીજાને જ્યાં છેદે ત્યાં બનતા ખૂણા પૈકી એક ગુરુકોણનું માપ 130° છે. આરતી, ચાર્મી અને દર્શન વચ્ચે બનતા ખૂમાનું માપ 20° છે. તો બોબી, આરતી અને ચાર્મી વચ્ચે બનતા ખૂણાનું માપ શોધો.

(43) એક ત્રિકોણાકાર જમીનના ટુકડાની બાજુઓની લંબાઈ 3 : 5 : 7ના પ્રમાણમાં છે અને તેની પરિમિતિ 300મી છે તેનું ક્ષેત્રફળ શોધો.

(44) રમેશભાઈ પાસે એક સમબાજુ ચતુષ્કોણ આકારનું ખેતર છે. રમેશભાઈ આ ખેતરને વિકર્ણ દ્વારા 100મી બાજુવાળા બે સમબાજુ ત્રિકોણ આકારમાં વિભાજીત કરી ખેતરનો એક ભાગ જેનું ક્ષેત્રફળ $2500\sqrt{3}$ મી^{2} છે તે પ્રહલાદભાઈને વેચી દે છે અને બાકીનો એક ભાગ તેના પુત્ર વિજયને આપે છે.

આ માહિતીના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) ઉપર આપેલ માહિતીના આધારે ભૌમિતિક આકૃતિ દોરો.

(2) વિજયના ભાગમાં આવેલ ખેતરની અર્ધપરિમિતિ જણાવો.

(3) વિજયના ભાગમાં આવેલ ખેતરના ટુકડાનું ક્ષેત્રફળ જણાવો.

(45) 10.5 સેમી વ્યાસવાળા અર્ધગોળાકાર પાત્રમાં કેટલા લિટર દૂધ સમાવી શકાય ?

(46) મોનીકા પાસે 551 મી^{2} ક્ષેત્રફળવાળો કેનવાસનો ટુકડો છે. તે ટુકડાનો ઉપયોગ 7મી પાયાની ત્રિજ્યાવાળો શંકુ આકારનો તંબુ બનાવવા માટે કરે છે. ટાંકા લેવામાં અને કાપવામાં 1 મી^{2} જેટલું કેનવાસ બગડે છે તે તંબુનું ઘનફળ શોધો. (તંબુના પાયાના ભાગમાં કેનવાસ નથી)

વિભાગ - D

- **નીચે આપેલા 8(આઠ) પ્રશ્નોમાંથી કોઈપણ 5(પાંચ) પ્રશ્નોના ગણતરી કરી જવાબ આપો : (પ્રશ્નક્રમાંક 47 થી 54) (દરેકના 04 ગુણ)** **[20]**

(47) નિત્યસમનો ઉપયોગ કરી નીચેના દાખલા પૂર્ણ કરો.

(i) $(3a + 4b)^3 = (3a)^3 + ______ + 3(3a)(4b)(______)$

$= 27a^3 + ______ + 36ab(3a + 4b)$

$= 27a^3 + 64b^3 + ______ + 144ab^2$

(ii) $100 \times 96 = (100 + _____)(100 - _____)$

$= (100)^2 - (______)^2$

$= ______ - 16$

$= 9984$

(48) કોઈ એક વર્ગના 51 વિદ્યાર્થીઓનાં 100 ગુણની કસોટીમાં મેળવેલા ગુણ નીચેના આલેખમાં દર્શાવેલ છે.



ઉપરોક્ત આલેખના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(i) આપેલ આલેખનો પ્રકાર જણાવો.

(ii) આપેલ આલેખનું પ્રમાણમાપ લખો.

(iii) 60 થી 80 ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે ?

(iv) સૌથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા કયા વર્ગ અતરાલમાં છે ?

(49) કોઈ એક સંસ્થા દ્વારા 15 થી 44 (વર્ષમાં) વચ્ચેની વયવાળી સ્ત્રીની માંદગી અને મૃત્યુના કારણો શોધવા માટે કરવામાં આવેલ વિશ્વવ્યાપી સર્વેક્ષણના આંકડા (%માં) નીચે પ્રમાણે મળ્યા હતા.

અં.નં.	**કારણો**	**સ્ત્રી મૃત્યુદર**
1.	પ્રજનન સ્વાસ્થ્ય સ્થિતિ	31
2.	જ્ઞાનતંતુ સંગત મનોવિકાર	25
3.	ઈજાઓ	12
4.	હૃદય અને રક્તવાહિકા તંત્રની સ્થિતિ	04
5.	શ્વસનતંત્રની સ્થિતિ	05
6.	અન્ય કારણો	22

ઉપર આપેલ માહિતીની આલેખાત્મક રજૂઆત કરો.

(50) ΔABCમાં, $\angle A$ નો દ્વિભાજક AD એ BC ને લંબ છે. સાબિત કરો કે, AB = AC અને ΔABC સમદ્વિબાજુ ત્રિકોણ છે.



(51) સાબિત કરો કે, "સમદ્વિબાજુ ત્રિકોણની બે સમાન બાજુઓની સામેના ખૂણા સમાન હોય છે."

(52) સાબિત કરો કે, "સમબાજુ ચતુષ્કોણના વિકર્ણો એકબીજાને લંબ હોય છે."

(53) એક વર્તુળાકાર મેદાનમાં નીચેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે પાંચ મિત્રો એલીન, મયુર, જોસેફ, નિર્જા અને આબેદા ઊભા છે.



ઉપરોક્ત આકૃતિના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(i) x નું માપ શોધો.

(ii) y નું માપ શોધો.

(iii) x + y નું માપ શોધો.

(iv) આબેદા, મયુર, જોસેફ અને નિર્જાને ક્રમિક રીતે જોડવાથી બનતા ચતુષ્કોણનો પ્રકાર જણાવો.

(54) આકૃતિમાં દર્શાવ્યા મુજબ PQ એ O કેન્દ્રવાળા વર્તુળની જીવા છે અને O ને PQના મધ્યબિંદુ M સાથે જોડેલ છે. OP અને OQ એ વર્તુળની ત્રિજ્યાઓ છે.

આ માહિતીના આધારે નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યાઓ પૂરો.

($\angle$OMP, OQ, OMQ, PM)

ΔOPM અને ΔOQMમાં



OP = _____ ($\because$ એક જ વર્તુળની ત્રિજ્યાઓ)

_____ = QM ($\because$ M એ PQનું મધ્યબિંદુ છે)

OM = OM ($\because$ સામાન્ય બાજુ)

$\therefore$ ΔOMP $\cong$ Δ ______ ($\because$ બાબાબા એકરૂપતાની શરત)

એકરૂપ ત્રિકોણોના અનુરૂપ અંગો સમાન હોવાથી __________ = $\angle$OMQ = 90°

શૈક્ષણિક વર્ષ 2024-25

Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

ધોરણ : 9 — વિષય : ગણિત

ગુણ	પ્રશ્નનો ક્રમ	પ્રશ્નની ટૂંકમાં વિગત	Competency (ક્ષમતા)	Learning Outcome (અધ્યયન નિષ્પત્તિ)
1	1.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.1.1 તમામ સંખ્યાઓ તેમજ સમૂહની સંજ્ઞા વચ્ચેનો સંબંધ કેળવે.	M0901 વાસ્તવિક સંખ્યાના ગુણધર્મો, તર્કનો ઉપયોગ કરે છે.
1	4.	વૈકલ્પિક પ્રશ્ન	C.2.2 સમીકરણનો ઉપયોગ કરી સમસ્યા ઓળખે, ઉકેલે, તારણ કાઢે.	M0904 વિવિધ ભૌમિતિક આકારોમાં સમાનતા -ભિન્નતાની ઓળખ.
1	5.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.3.1 ભૌમિતિક આકારોની સુસંગતતા સહિત અનુમાન, પરીક્ષણ કરે.	M0905 ભૌમિતિક સંકલ્પના સાથે સંબંધની સમજ સાથે ઉકેલ લાવે.
1	6.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.4.2 ક્ષેત્રફળ, ઘનફળના સૂત્રોનો ઉપયોગ કરી કલ્પના શક્તિનો વિકાસ કરે.	M0912 પૃષ્ઠફળનો આકાર ઓળખે.
1	7.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.1.2 અસંમેય સંખ્યા, તાર્કિક અનુમાન કરી પ્રમેય સાબિત કરે.	M0901 વાસ્તિવક સંખ્યાના ગુણધર્મો તેમજ તર્કનો ઉપયોગ કરે.
1	8.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.3.3 યામભૂમિતિનો ઉપયોગ કરી બિંદુ નિરૂપણ કરે.	M0908 કાર્તેઝિય સમતલમાં બિંદુ નિરૂપણ માટે ખ્યાલ સમજે.
1	9.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.2.2 સમીકરણનો ઉપયોગ કરી સમસ્યા ઓળખે, ઉકેલે, તારણ કાઢે.	M0903 સુરેખ સમીકરણના બૈજિક/આલેખની રીતને સાંકળે.
1	10.	વૈકલ્પિક ખાલી જગ્યા	C.3.1 ભૌમિતિક આકારોની સુસંગતતા પરીક્ષણ કરે.	M0905 ભૌમિતિક સંકલ્પના સાથે સંબંધની સમજ કેળવે.
1	14.	વિધાન ખરાં-ખોટાં	C.2.1 બહુપદીની ઘાતની સમજ કેળવે.	M0902 બીજગણિતના સિદ્ધાંતને આધારે બહુપદી ઓળખે.
2	28.	યામ સમતલની આકૃતિ પરથી જવાબ	C.3.3 યામભૂમિતિનો ઉપયોગ કરી બિંદુ નિરૂપણ કરે.	M0908 યામ-સમતલની આકૃતિ પરથી યોગ્ય સમજ કેળવી જવાબ આપે.

શૈક્ષણિક વર્ષ 2024-25

Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

ધોરણ : 9 વિષય : ગણિત

ગુણ	પ્રશ્નનો ક્રમ	પ્રશ્નની ટૂંકમાં વિગત	Competency (ક્ષમતા)	Learning Outcome (અધ્યયન નિષ્પતિ)
2	32.	આપેલ માહિતી પરથી બાજુના માપ શોધો.	C.3.2 સ્વયં સિદ્ધ/સત્યો, પૂર્વધારણાનો ઉપયોગ કરી ઉકેલ શોધે.	M0905 ભૌમિતિક સંકલ્પનાનો ઉપયોગ કરી સમસ્યા ઉકેલે.
2	34.	આકૃતિ તથા માહિતી પરથી ક્ષેત્રફળ શોધો.	C.4.2 સૂત્રનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ વિકસે.	M0912 વિવિધ આકારોના સૂત્રો પરથી ક્ષેત્રફળ શોધે.
2	35.	માંગેલ પ્રશ્નોના જવાબ લખો.	C.4.2 સૂત્રનો ઉપયોગથી વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ વિકસાવે.	M0912 વિવિધ આકારોના સૂત્રનો ઉપયોગ કરી સમસ્યા ઉકેલે.
2	36.	આપેલ આકૃતિ, માહિતી પરથી ઘનફળ શોધો.	C.4.2 સૂત્રનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ વિકસાવે.	M0912 વિવિધ આકારોના સૂત્રો પરથી ઘનફળ શોધે.
3	42.	વિગત પરથી આકૃતિ દોરી ખૂણાનું માપ	C.3.2 પૂર્વધારણા, પ્રમેયનો ઉપયોગ કરી ઉકેલ શોધે.	M0905 ગાણિતિક વિધાન/પૂર્વધારણાનો ઉપયોગ કરી ઉકેલ શોધે.
3	44.	માહિતીના આધારે પ્રશ્નોના જવાબ લખો.	C.4.1 સૂત્રનો ઉપયોગ કરી ઉકેલ શોધે.	M0906 ઉચિત સૂત્રનો ઉપયોગ કરી ઉકેલ શોધે અને જીવનમાં ઉપયોગ કરે.
3	46.	આપેલ વિગત પરથી ઘનફળ શોધો.	C.4.2 સૂત્રનો ઉપયોગ કરી કલ્પનાશક્તિ વિકસાવે.	M0912 ઘન પદાર્થના સૂત્રનો ઉપયોગ કરી ઘનફળ શોધે.
4	48.	આલેખ પરથી પ્રશ્નોના જવાબ લખો.	C.5.1 આલેખ દોરે, માહિતીનું વિશ્લેષણ કરે.	M0909 રોજિંદા જીવનની પરિસ્થિતિમાં આલેખ પરથી જવાબ આપે.
4	53.	આકૃતિ પરથી પ્રશ્નોના જવાબ આપો.	C.3.2 પૂર્વધારણા, સત્યોનો ઉપયોગ કરી પ્રમેય સાબિત કરે.	M0905 વર્તુળની સંકલ્પનાનો ખ્યાલ લાવી ઉકેલ મેળવે.
4	54.	યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રમેય પૂર્ણ કરો.	C.3.2 સત્યો, પૂર્વધારણા, પ્રમેયનો ઉપયોગ કરી સમસ્યા ઉકેલે.	M0905 ભૌમિતિક સંકલ્પનાનો ઉપયોગ કરી સમસ્યા ઉકેલે.